विश्व संवाद केन्द्र

સંવાદ સમાચાર
કેવળ પત્ર-પત્રિકાઓ માટે

૨, મયૂર ચેમ્બર્સ,
ગાંધીગ્રામરેલવે સ્ટેશનની સામે,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ફોન : (૦૭૯) ૨૬૫૭૯૩૦૧,
ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૨૨૦
E-mail : vsk.samachar@gmail.com

Email : vskguj@gmail.com
Website : www.vskgujarat.com

વર્ષ : ૩ અંક : ૭૧ દિનાંક :૦૧.૩.૨૦૧૮ સંપાદક : ડૉ. કનુભાઈ જોષી

## દેશમાં પ્રત્યેક દિવસે ૨૫ હજાર ટન પ્લાસ્ટિક કચરો પર્યાવરણ માટે ગંભીર ખતરો

કેન્દ્ર સરકારે દેશના ૬૦ પ્રમુખ શહેરોમાં પ્લાસ્ટિકના કચરા અંગે સર્વેક્ષણમાં ચોંકાવનારો અહેવાલ બહાર પાડ્યો છે. પ્રત્યેક શહેરમાંથી ૪૦૫૯ ટન પ્લાસ્ટિક કચરો નીકળવાનો સર્વે માલુમ પડ્યો છે. એટલે દેશમાં આશરે ૨૬ હજાર ટનથી પણ વધુ પ્લાસ્ટિક કચરો ઠલવાય છે. પરિણામે વાતાવરણમાં ભારે ધાતુઓ તથા ફ્લોરાઈડ ભળવા માંડ્યા છે. સાથે સાથે ઘાતક રસાયણો પણ હવામાં માલુમ પડ્યા છે. લોકસભામાં પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રી મહેશ શર્માએ ઉપરોક્ત માહિતી આપી છે. આ અંગેના ઉપાયોનો મંત્રીશ્રીએ ઉલ્લેખ કર્યો હતો. આ અંગે પ્લાસ્ટિક કચરાને રોડ કે વસાહતની આસપાસ નાખવાની દેશની પ્રજાની અશિસ્તભરી વર્તણુંક જવાબદાર હોવાનું માલુમ પડ્યું છે. ઘરવપરાશ તથા ઔદ્યોગિકક્ષેત્રોમાં ઉપયોગમાં લેવાતા પ્લાસ્ટિક અંગે પણ કરકસર તથા વિવેક અંગે પણ અનેક સૂચનો મળેલ છે. જ્યાં સુધી દેશની પ્રજામાં પ્લાસ્ટિકનો ઉપયોગ તથા તેના કચરાના નિકાલની જાગૃતિ અને વિવેક નહિ આવે ત્યાં સુધી દેશના પર્યાવરણ માટે આ એક ગંભીર ખતરો માલુમ પડ્યો છે.

## સંસ્કૃતના વેદમંત્રોના ઉચ્ચારણથી યાદશક્તિમાં વધારો થાય છે

અમેરિકાના ડૉ. જેમ્સ હાર્ટજેલ નામના ન્યુરો વૈજ્ઞાનિકે 'ધી સંસ્કૃત ઈફેક્ટ' નામનો શોધ નિબંધ બહાર પાડ્યો છે. તેમાં તેમણે જણાવ્યું છે કે વૈદિકમંત્રોના સંસ્કૃતભાષાના સતત મંત્રોચ્ચારથી યાદશક્તિ-સ્મરણશક્તિ અને વ્યક્તિની લાગણીઓ અને વિચારક્ષમતામાં વૃદ્ધિ થાય છે. ડૉ. જેમ્સ તથા ઇટલીની ટ્રેન્ટો યુનિવર્સિટીના તેમના સાથીએ ભારત સ્થિત નેશનલ બ્રેન રિસર્ચ સેંટરના ડૉ. તન્મયનાથ તથા ડૉ. નંદિની ચેટર્જીનો સમાવેશ કરી આ સંશોધન માટેની ટીમ બનાવી હતી. આ સંશોધનના સેર્વક્ષણ સેમ્પલ તરીકે દિલ્હીની એક વૈદિક શાળાના ૪૨ પંડિતોનો સમાવેશ કર્યો હતો. આ સંશોધનમાં ૭ વર્ષ સુધી શુક્લા યજુર્વેદના વેદમંત્રોના સતત ઉચ્ચારણનો અભ્યાસ થયો હતો. આ ૪૨ પંડિતો ૨૨ વર્ષની ઉંમરના હતા. આ પંડિતોનું બ્રેન મેપિંગ કરવામાં આવ્યું હતું. એકવીસ પંડિતોને નિયંત્રિત જૂથ તથા એકવીસ પંડિતોને પ્રાયોગિક જૂથમાં ફાળવવામાં આવ્યા હતા. પ્રાયોગિક જૂથના પંડિતોને વેદમંત્રોના ઉચ્ચારણની તાલીમ આપવામાં આવી હતી. પ્રાયોગિક જૂથ અને નિયંત્રિત જૂથનું બ્રેન મેપીંગ કરતાં નિયંત્રિત જૂથ કરતાં પ્રાયોગિક જૂથના બ્રેઈન વચ્ચે મોટો તફાવત જોવા મળ્યો. જેમના પર મંત્રોચારનો સતત પ્રયોગ થયો હતો. તેમના મગજના એ ભાગો જ્યાંથી યાદશક્તિ, લાગણીઓ તથા નિર્ણય લેવાની ક્ષમતાઓ ઉદ્ભવે છે તે નિયંત્રિત જૂથ કરતાં વધુ બળવાન(શક્તિશાળી) માલુમ પડી હતી. ડૉ. જેમ્સે પોતાના રિપોર્ટમાં વધુમાં જણાવ્યું છે કે વિદ્યાર્થીઓમાં સંસ્કૃતભાષાનો ઉપયોગ તેમની યાદશક્તિ-સ્મરણશક્તિ, લાગણીઓ-સંવેદનાઓ તથા નિર્ણયશક્તિમાં સારો પ્રભાવ પાડે છે.

## વિદ્યાર્થીઓના દાંતના સડાનો પ્રાકૃતિક ઉપચાર કરતા શાળાના શિક્ષકમિત્રોનો અનોખો પ્રયોગ

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના નાનકડા ગામ ગોદરીની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓનાં આરોગ્યની તપાસણીમાં મોટા ભાગના વિદ્યાર્થીઓમાં દાંતનો સડો માલુમ પડ્યો. આ દાંતના સડાને કારણે બાળકોના ભણતર પર માઠી અસરો જોવા મળી. વિદ્યાર્થીઓની અનિયમિત હાજરી, વર્ગખંડમાં ઉદાસીનતા-કંટાળો, મધ્યાહન ભોજનમાં અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા. દાંત સાફ

રાખવાની સૂચનાઓ આપવાં છતાં સુધારો માલુમ પડ્યો નહિ. આ પ્રશ્નના નિરાકરણ માટે શાળાના શિક્ષક શ્રી શૈલેષ પંડ્યા તથા સાથી શિક્ષકમિત્રોએ અનોખા પ્રાકૃતિક ઉપચારનો પ્રયોગ શરૂ કર્યો. દર શનિવારે શાળાના વિદ્યાર્થીઓને લીમડાના દાતણ (બ્રશ) કરાવડાવ્યા. આ પ્રયોગનાં સારા પરિણામો જોવા મળ્યા. સમય જતાં બાળકોમાં લીમડો ઉપરાંત બાવળ, કણજી તથા આવળ જેવી વનસ્પતિના દાંતણ કરવાની ટેવ પાડી. આ પ્રયોગથી હાલમાં શાળાના વિદ્યાર્થીઓના મોટાભાગને દાંતના સડામાંથી રાહત મળી અને દાંતની તથા પેઢાની તંદુરસ્તી વધવા માડી. આ અનોખા પ્રાકૃતિક પ્રયોગથી શાળામાં શૈક્ષણિક વાતાવરણ જામ્યું છે. શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષક-મિત્રોનો આ અનોખા પ્રયોગે શાળાને શિક્ષણના પ્રયાગતીર્થ સમાન બનાવ્યું છે. શિક્ષણમાં બુદ્ધિ તથા લાગણી (હૃદય)ના સંગમથી ઉદ્‌ભવના શુદ્ધ કર્મયોગથી બાળકો તથા ગુરુજનોનું જીવન પણ પ્રયાગતીર્થ બને છે તેનું ઉત્તમ ઉદાહરણ આ નાનકડા પ્રયોગથી જાણવા મળે છે.

## ઉજ્જૈનમાં રાષ્ટ્રીય સુરક્ષા જાગરણ મંચ અને રાજનીતિ તથા લોક પ્રશાસન અધ્યયન શાળાના સંયુક્ત ઉપક્રમે વ્યાખ્યાનમાળાનું આયોજન

(રાષ્ટ્રીય વિકાસનું પ્રથમ સોપાન રાષ્ટ્રીય સુરક્ષા છે - ઇન્દ્રેશકુમાર)

મધ્યપ્રદેશના ઉજ્જૈન ખાતે રાષ્ટ્રીય સુરક્ષા જાગરણ તથા રાજનીતિ અને લોક પ્રશાસન અધ્યયન શાળાના સંયુક્ત ઉપક્રમે વ્યાખ્યાનમાળા યોજાઈ હતી. તેના મુખ્યવક્તા શ્રી ઇન્દ્રેશકુમાર હતા. તેઓ રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘના અખિલ ભારતીય કાર્યકારિણીના સદસ્ય છે અને મુસ્લિમ રાષ્ટ્રીયમંચનું પણ નેતૃત્વ કરે છે. તેમણે જણાવ્યું કે રાષ્ટ્રીય વિકાસનું પ્રથમ સોપાન રાષ્ટ્રીય સુરક્ષા છે. અત્રે યાદ રહે કે શ્રી ઇન્દ્રેશકુમારના નેતૃત્વમાં ભારતીય તિબેટ સહયોગ મંચ દ્વારા અરૂણાચલ પ્રદેશની તવાંગ યાત્રા પણ પ્રતિવર્ષે તા. ૧૯ થી ૨૪ નવેમ્બર સુધીમાં યોજાય છે. જેમાં મોટી સંખ્યામાં દેશવાસીઓ ભાગ લે છે. આ વ્યાખ્યાનમાળાના શુભારંભ પ્રસંગે મંચના મંત્રી સરલાસિંહ, રેશમાસિંહ, સાંસદ ડૉ. ચિંતામણિ, માલવીયા તથા બોહરા સમાજ પણ ઉપસ્થિત હતા. મુસ્લિમ રાષ્ટ્રીય મંચના રાષ્ટ્રીય સંયોજક મોહમંદ અફજલ પણ હાજર હતા. વ્યાખ્યાનમાળાના શુભારંભ પ્રસંગની અધ્યક્ષતા કુલપતિ પ્રો. શીલસિંધુ પાંડેજી એ શોભાવી હતી.

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની જાણકારી માટે દેશવાસીઓમાં વધતી ઉત્સુકતા

માલવા પ્રાન્તના પ્રથમ વર્ષ સંઘ શિક્ષા વર્ગ(First Year OTC)માં ઉપસ્થિત અખિલ ભારતીય સહપ્રચાર પ્રમુખ શ્રી નરેન્દ્રકુમારે જણાવ્યું કે દેશવાસીઓમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની જાણકારી માટે ઉત્સુકતા વધી છે. તેમણે વધુમાં જણાવ્યું કે સંઘ એટલે પોતાની ઇચ્છા અનુસાર રાષ્ટ્રસેવા કરનાર લોકોનો સમૂહ. હિન્દુ એટલે ભારતને પોતાનું સર્વસ્વ માનનાર વ્યક્તિ. ભલે તેની પૂજા પદ્ધતિ અલગ હોય. સંઘનો પ્રમુખ આધાર તેની શાખા છે. શાખામાં આવનારને સ્વયંસેવક કહેવાય છે. જેની ઉંમર, જાતિ અને આર્થિક તથા શૈક્ષણિક સ્થિતિ ભલે કંઈ પણ હોય. સ્વયં સેવકનો અર્થ પોતાની ઇચ્છાથી રાષ્ટ્રની સેવામાં સતત લાગી રહેનાર. રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (RSS)ના રાષ્ટ્રજીવનમાં યોગદાનથી તેનો પ્રભાવ વધ્યો છે તેથી દેશવાસીઓમાં સંઘની જાણકારી તથા સંઘમાં જોડાવાની ઉત્સુકતામાં વધારો થયો છે.

## રાષ્ટ્રનિષ્ઠ લેખક તથા પદ્મશ્રી મુજફ્ફર હુસેનની ચિર વિદાય

રાષ્ટ્રીયતામાં ઓતપ્રોત થવાની પ્રેરણા આપનાર અને ૨૦૦૨ના પદ્મશ્રી મુજફ્ફર હુસેને મુંબઈ ખાતે હીરાનંદની હૉસ્પિટલમાં છેલ્લો શ્વાસ લીધો હતો. તેઓ ૭૭ વર્ષના હતા. શ્રી હુસેન ૭૦ના દાયકામાં સ્વદેશ ઇન્દૌર દૈનિક સાથે જોડાયા હતા. બાળપણથી રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના સેવાકાર્યોથી પ્રેરાઈ સરસંઘચાલક શ્રી સુદર્શનજીના માધ્યમથી શ્રી હુસેન સંઘના સ્વયંસેવક બન્યા હતા. જીવન પર્યંત તેઓ હિન્દુ-મુસ્લિમ એકતા તથા સામાજિક સમરસતાના આગ્રહી રહ્યા હતા. તેઓ ઉર્દૂ, હિન્દી, મરાઠી, ગુજરાતી, અરબી, ફારસી તથા અંગ્રેજીભઆષામાં સારું પ્રભુત્વ ધરાવતા હતા. તેમણે આ ભાષાઓમાં ઘણા પુસ્તકો તથા લેખો લખ્યા છે. તેમના ૨૬ પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે તેમાં "અલ્પ સંખ્યવાદ કે ખતરે (ડેંજર્સ ઑફ ધી માઈનોરિટી)' મુખ્ય છે. તેનો દેશ-વિદેશની અનેક ભાષાઓમાં ભાષાંતર થયું છે. તેઓ ભારત સરકારના માનવ શંસાધન મંત્રાલયના ઉર્દૂ વિકાસ રાષ્ટ્રીય પરિષદના ઉપાધ્યક્ષ પણ હતા. અહિંસા વિશ્વવિદ્યાલય દ્વારા તેમને ડી-લીટની ઉપાધિ મળી હતી.

શ્રી હુસેનના પુસ્તકો શાકાહાર, સમાન નાગરિક કાનૂન, કાશ્મીર આજ ઔર કલ, ઈસ્લામ ઔર પરિવાર નિયોજન જેવા પુસ્તકો આંતરરાષ્ટ્રીય ખ્યાતી પામ્યા છે. હાલમાં મહારાષ્ટ્ર સરકારે પત્રકારિતા ક્ષેત્રના સર્વોચ્ચ સન્માન પુરસ્કાર 'લોકમાન્ય તિલક'થી શ્રી હુસેનને નવાજ્યા હતા. ડૉ. હેડગેવાર સમિતિ દ્વારા પ્રજ્ઞા પુરસ્કાર પણ તેમને મળ્યો હતો. કરુણા ઇંટરનેશનલ ફાઉન્ડેશને પણ તેમને શાકાહાર પુરસ્કાર આપ્યો હતો. શ્રી હુસેનને ૨૪ રાષ્ટ્રીયસ્તરના વિવિધ પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## નિઃશુલ્ક તથા માત્ર પાંચ રૂપિયામાં દર્દીઓની સેવા કરતા તબિબ

ભાગલપુરના ડૉ. અવધેશ ઝાએ ગરીબ દર્દીઓની સેવા માત્ર પાંચ રૂપિયાની નજીવી ફીથી શરૂ કરી છે. તેઓ રોજ ૧૦૦થી પણ વધુ દર્દીઓને તપાસે છે તથા MR તરફથી જે દવાઓ પ્રચાર માટે મળે છે તે ગરીબોની સેવામાં વાપરે છે. તેમની આ સેવાઓથી લોકો તેમને ગાંધીજીના નામથી ઓળખે છે. તેમણે તબીબના વ્યવસાયમાં આજીવન મહેનતની કમાણી પર જ જીવન વ્યતીત કરવાનું નક્કી કર્યું છે. કેટલાક સંજોગોમાં ડૉ. ઝા નિઃશુલ્ક સેવાઓ પણ આપે છે.

આજ પ્રમાણે પૂર્ણિયા શહેરના કાર્ડિયોલોજીસ્ટ ડૉ. રામ પણ દર્દીઓની સેવા કરે છે. તદ્ઉપરાંત ડૉ. રામે તેમના સામાજિક દાયિત્વને મહત્વ આપ્યું છે. સાથે-સાથે તે ગરીબ વૃદ્ધોને ધાબળા તથા જીવનનિર્વાહની જરૂરી સામગ્રી પણ પૂરી પાડે છે.

## રાષ્ટ્રભાષા હિન્દી ભારતની આત્મા છે જે વિશ્વભાષા બનશે - રાજ્યપાલશ્રી રામ નાયક

ઉત્તર પ્રદેશના રાજ્યપાલ શ્રી રામ નાયકે કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા આયોજિત ઉત્તરક્ષેત્ર રાજભાષા સંમેલનમાં રાષ્ટ્રભાષા હિન્દીને ભારતનો આત્મા ગણાવી છે. તેમણે વધુમાં જણાવ્યું કે હવે હિન્દી વિશ્વભાષાની હરોળમાં અગ્રેસર બનવા તરફ ગતિ કરી રહી છે. દેશના પ્રત્યેક દેશવાસીને એક સૂત્રમાં બાંધનાર રાષ્ટ્રભાષા હિન્દી હોવાનું તેમણે જણાવ્યું હતું. વિશ્વના મોટાભાગના દેશોમાં ભારતીયો પહોંચ્યા છે. વિદેશોમાં ભારતીયોને એકસૂત્રતામાં બાંધનાર રાષ્ટ્રભાષા હિન્દી હવે વિદેશોમાં પણ વૈશ્વિક સ્તરે વિશ્વભાષા બનશે તેવો આશાવાદ છે. શ્રીરામ નાયકે હિન્દી ભાષા માટે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ, બાજપાઈ અને દેશના ભાષાશાસ્ત્રીઓ, કવિઓ અને સાહિત્યકારોનું યોગદાન મહત્વનું છે. ભારતના ચલચિત્ર જગતે પણ હિન્દી ભાષાને દેશ તથા વિદેશમાં ફેલાવવા માટે મહત્વનું યોગદાન આપ્યું છે. હિન્દી ભાષા દેશવાસીઓના જનજીવનને સમજવામાં મહત્વનું માધ્યમ બની છે. દેશના પ્રત્યેક રાજ્યમાં પ્રાદેશિક ભાષાનો હિન્દીમાં અનુવાદ થવાથી હિન્દીભાષાને માન મળ્યું છે. અંગ્રેજી તથા વિશ્વની અનેક વિદેશી ભાષાઓનો પણ હિન્દીમાં તરજુમો થવાથી આપણો દેશ વિદેશો સાથે પણ સાંસ્કૃતિક તથા સામાજિક રીતે જોડાયા છે. આ સંમેલનમાં ૬૦ અધિકારીઓ તથા વિદ્વાનોને પુરસ્કાર એનાયત થયા હતા.

## ભારતીય ગૌ ક્રાંતિ મંચ દ્વારા ગાયને રાષ્ટ્રમાતાનો દરજ્જો અપાવવા મહારેલી યોજાઈ

દેશમાં ભારતીય ગૌ ક્રાંતિ મંચ ગાય એ 'ભારતનો આત્મા છે.' અંગે અભિયાન ચલાવે છે. ભારતીય સંસ્કૃતિમાં ગૌ, ગંગા અને ગાયત્રી આ ત્રણ માતા સમાન હોવાનું વર્ણવાયું છે. દેશના આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક સંરક્ષણ તથા સંવર્ધન માટે આ ત્રણે શક્તિઓ દેશવાસીઓના લોહીમાં વણાયેલી છે. દેશવાસીઓમાં આ અંગેની જાગૃતી લાવવા રાષ્ટ્રભક્તો કામે લાગેલા છે. તાજેતરમાં દિલ્હી ખાતે ગાયને 'રાષ્ટ્રમાતા'નો બંધારણીય દરજ્જો અપાવવા તથા તે અંગે સ્વતંત્ર ગૌ મંત્રાલય હોવું જોઈએ તેવી માગણી સાથે મહારેલી યોજાઈ છે. મંચના પ્રમુખ ગોપાલ મણિએ આ મહારેલીને સંબોધી હતી. તેમણે જણાવ્યું કે 'દેશમાં ૧૭ કરોડથી પણ વધુ ગાયો છે. તેમના છાણમાંથી એટલો ગેસ તૈયાર થઈ શકે છે જેનાથી દેશના બધા લોકો માટે ભોજન તૈયાર થઈ શકે તેમ છે. જ્યારે ચૂંટણી આવે છે ત્યારે વોટબેંક તરીકે રાજકીય પક્ષો ગૌ સંરક્ષણ તથા સંવર્ધન અંગેની પ્રતિબદ્ધતાનું વચન આપે છે પણ પછી આ અંગે સંસદમાં કે વહીવટીતંત્રમાં કોઈ નક્કર પગલાં લેવાતા નથી. આ સંદર્ભમાં દેશના બધા રાજકીય પક્ષોએ સ્પષ્ટ બનવું પડશે અને ગાયને રાષ્ટ્રમાતાનો દરજ્જો અપાવવો જોઈએ. જોકે આ અંગે ભાજપના વરિષ્ઠ નેતા સુબ્રહ્મણયમ સ્વામી મંચની સાથે છે.'

## અમેરિકામાં ગૈર-અંગ્રેજી ભાષાઓમાં બીજા ક્રમે લોકપ્રિય હિન્દીભાષા

ડોક્સસીમિટી નામની ઑન લાઈન સોશિયલ નેટવર્કિંગ કંપનીના સર્વેમાં અમેરિકામાં ગૈર-અંગ્રેજી ભાષાઓમાં સ્પેનિશ પ્રથમ ક્રમે તથા બીજા ક્રમે હિન્દી ભાષા લોકપ્રિય હોવાનું બહાર આવ્યું છે. આ અધ્યયનના સર્વેના સેમ્પલમાં ૬000 (છ હજાર) ડૉક્ટર્સને આવરી લીધા હતા. અમેરિકામાં બહુભાષી ડૉક્ટર્સમાં ૩૬.૨ ટકા સ્પેનીશ ભાષાનો ઉપયોગ કરે છે. જ્યારે ૧૩.૮ ટકા હિન્દીભાષાનો ઉપયોગ કરતા મુલામ પડ્યા છે. અન્ય ભાષાઓમાં ફ્રેંચ (૮.૮ ટકા), પર્શિયન-ફારસી (૭.૬ ટકા), ચીની ભાષા (૫.૨ ટકા)નો ઉપયોગ જણાયો છે. બીજા એક સંશોધનમાં પણ માલુમ પડ્યું છે કે ૩૦ કરોડ અમેરિકનોમાં ૨.૫ લાખ લોકો હિન્દી ભાષાનો પ્રયોગ કરે છે. અમેરિકાની સાથે વિશ્વના અન્ય દેશોમાં પણ હિન્દી ભાષાનો પ્રભાવ જોવા મળે છે. અમેરિકાની ૮૦ ટકા કેનાડાની ૯૪ ટકા તથા ઑસ્ટ્રેલિયાની ૯૫ ટકા શૈક્ષણિક સંસ્થાઓમાં હિન્દીભાષાને સ્થાન મળ્યું છે. મોરેશિયસમાં પણ ૨૪ યુનિવર્સિટીઓ અને ૫૬ શૈક્ષણિક સંસ્થાઓમાં હિન્દીભાષા શીખવાય છે.

## બિહારમાં છઠ્ઠું ભારત પ્રક્ષેત્ર રાષ્ટ્રમંડળ સંસદીય સંઘ (સીપીએ)નું સંમેલન યોજાયું

(વિકાસમાં રાજનીતિ ન હોવી જોઈએ-સુમિત્રા મહાજન)

બિહારમાં પ્રથમવાર છઠ્ઠું ભારત પ્રક્ષેત્ર રાષ્ટ્રમંડળ સંસદીય સંઘ (સીપીએ)નું સંમેલન યોજાયું. લોક સભા અધ્યક્ષ અને ભારતીય પ્રક્ષેત્રના અધ્યક્ષ સુમિત્રા મહાજને જણાવ્યું કે રાષ્ટ્રોના વિકાસમાં રાજનીતિ થવી જોઈએ નહિ. વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે. દેશની રાજીનતિમાં ચડાવ-ઉતાર થતા હોય છે જો તેમાં રાજનીતિ પૂર્વગ્રહથી પોતાની ભૂમિકા ભજવે તો વિકાસ થંભી જાય છે. દેશના ન્યાયતંત્ર સાથે સંકળાયેલ દેશની સ્વતંત્રતા તથા વિકાસ મહત્ત્વના છે. આ પ્રસંગે સીપીએની કાર્યકારી સમિતિના અધ્યક્ષ એમિલિયા મોનોજોવા લિફાકા પણ ઉપસ્થિત હતા. તેમણે કહ્યું કે મારી નિયુક્તિના બે મહિનામાં જ ભારતના બિહારમાં આ સંમેલનમાં ઉપસ્થિત થવાનું સૌભાગ્ય મળ્યું. તેમણે કહ્યું કે સીપીએ એ ગરીબી નિવારણ, લૈંગિક સમાનતા, નારી સશક્તિકરણ તથા વંચિતોના જીવન સ્તરમાં સુધારા માટે બધાએ સાથે મળીને કાર્ય કરવું જોઈએ. બિહાર સરકારના આતિથ્યથી એમિલિયા પ્રભાવિત થયા હતાં. તેમણે કહ્યું કે મારા દેશથી ઘણે દૂર હોવા છતાં બિહાર મને ઘર જેવું લાગ્યું છે.

## અમેરિકાના સાંસદે સૌથી લાંબુ ભાષણ આપવાનો ઇતિહાસ રચ્યો

અમેરિકાના ૭૮ વર્ષથી પણ મોટી ઉંમરની કેલેફોર્નિયાની ડેમોક્રેટિક સાંસદ નૈંસી પોલીસે ૧૦૮ વર્ષ જૂનો ઇતિહાસ તોડ્યો છે. તેમણે અમેરિકામાં ગેર-દસ્તાવેજી યુવા પ્રવાસિયોંને સ્વદેશ પાછા મોકલવાના નિર્ણયના બચાવમાં આ લાંબુ ભાષણ  આપ્યું હતું. સવારે ૧૦.0૪ કલાકે શરૂ કરેલું આ લાંબુ ભાષણ સાંજે ૦૬.૧૧ કલાકે સમાપ્ત કર્યું હતું. ૮ કલાકથી પણ વધુ સમય માટેના આ લાંબા ભાષણમાં તેણીએ માત્ર પાણી પીધું હતું. આ અલ્પસંખ્યક નેતા અને સદનની પૂર્વ અધ્યક્ષાના આ લાંબા ભાષણથી અમેરિકી સંસદ તથા વિશ્વના સંસદો માટે એક ઇતિહાસ રચ્યો છે. પોતાના સ્પષ્ટ વિચારો તથા કોઈ એક બાબતના વિરોધ અંગે તૈયાર કરેલું સાહિત્ય એક દેશભક્ત સાંસદ માટે કેટલું મહત્વનું છે તેવા ઉપદેશ તથા કર્મનિષ્ઠા વડે આ મહિલા સાંસદે લોકશાહીના મૂલ્યને ઉજાગર કર્યું છે.

## એક અનોખો વણતુટ્યો વિશ્વરેકોર્ડ (દુનિયાનો સૌથી બહાદુર ગર્ધભ (ગધેડો)

આજકાલ વિશ્વરેકોર્ડ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. વિવિધ ક્ષેત્રોના વિશ્વરેકોર્ડની માહિતી એકત્રિત થતી હોય છે. તેમાં કોઈ પ્રાણી વડે નોંધાયેલ વિશ્વરેકોર્ડ અંગે વિશ્વનું ધ્યાન ગયું છે. જે આજ દિન સુધી અજેય છે. 'ઓસ્ટ્રેલિયન વૉર મેમોરિયલમાં આ વિશ્વરેકોર્ડનો ઉલ્લેખ છે. ઓસ્ટ્રેલિયન સેનાના ગર્ધભ મર્ફીને ૧૯ મે ૧૯૯૭માં આ વિશ્વના સૌથી શ્રેષ્ઠ બહાદુર ગર્ધભનો એવોર્ડ અપાયો હતો. આ ગર્ધભે ૧૯૧૫-૧૬ના ગૈલીપોલી અભિયાનમાં શ્રેષ્ઠ ભૂમિકા બજાવી હતી. તેણે પોતાની પીઠ પર અનેક ઘાયલ લોકોને બેસાડી હૉસ્પિટલ સુધી પહોંચતા કર્યા હતા. તેને આ અંગે ૨૨ વર્ષના જોન સિંપસને તાલીમ આપી હતી. આજે ઓસ્ટ્રેલિયાના પ્રવાસે જતા પ્રવાસીઓને 'ઑસ્ટ્રેલિયન વૉર મેમોરિયલ'માં મર્ફી અને જોનના પુતળાઓ જોવા મળે છે.

* * *